ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૯ ટકા

# હર હર મહાદેવ : શહેરમાં શિવભક્તિનો જોશ



ગાંધીનગર, તા. ૪
ગાંધીનગરના શિવાલયો મહાશિવરાત્રિના પર્વે ''હર હર મહાદેવ''ના નાદથી ગૂંજી ઉઠ્યાં હતા. વહેલી સવારથી શિવાલયોમાં ભાવિકોએ ભીડ જમાવી હતી અને શિવલિંગ પર દૂધ, પાણી અને બિલીપત્રનો અભિષેક વર્ષા કરી હતી. શિવાલયોમાં આજે લઘુરૂદ્ર, ષોડશોપચાર, ચાર પ્રહરની પૂજા તથા મહાઆરતી જેવા ધાર્મિક પ્રસંગો ઉજવાયાં હતા. શહેરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે પરંપરાગત રીતે લોકમેળો ભરાયો હતો જેમાં જનમેદની ઉમટી પડી હતી. શહેરમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્રો દ્વારા પણ મહાશિવરાત્રિ નિમિત્તે વિશેષ આયોજન કરાયા હતા. શ્રદ્ધાળુઓએ મહાદેવના દર્શન કરી ભાંગની પ્રસાદી ગ્રહણ કરી હતી. ધોળેશ્વર મહાદેવ ખાતે પણ લોકમેળો ભરાયો હતો.

શહેરના સેક્ટર-૨૨ ખાતેના પંચદેવ મંદિરે વહેલી સવારથી શ્રદ્ધાળુઓએ દર્શનાર્થે ભીડ જમાવી હતી. સમગ્ર દિવસ દરમ્યાન પંચદેવ મંદિરે સતત ઘંટારવ ગૂંજતો રહ્યો હતો. આ સાથે અહીં ભરાતા પરંપરાગત લોકમેળામાં પણ બપોરથી ભારે ભીડ જોવા મળી હતી અને બાળકોથી માંડીને વડિલોએ પણ મેળાનો આનંદ માણ્યો હતો. પંચદેવ મંદિરથી નજીક આવેલા સે. ૨૧ના વૈજનાથ મહાદેવ ખાતે મહાશિવરાત્રિ નિમિત્તે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. સેક્ટર-૧૬માં સોમનાથ મહાદેવ ખાતે લઘુરૂદ્ર પૂજાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે અહીં રાત્રે ભજન-ધૂન તથા મહાઆરતીનું પણ આયોજન કરાયું હતું.

શહેરના સુપ્રસિદ્ધ પૌરાણિક ધોળેશ્વર મહાદેવ ખાતે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત આસપાસના વિસ્તારના શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યા હતા અને લોકમેળાનો આનંદ માણ્યો હતો. શહેરના સેક્ટર-૬માં ચંદ્રમૌલેશ્વર મહાદેવ અને ભુવનેશ્વર મહાદેવ મંદિરે ભાવિકોએ શિવપૂજાનો લ્હાવો લીધો હતો. સેક્ટર-૪માં ઓમકારેશ્વર મહાદેવના મંદિરે પણ સુંદર સજાવટ સાથે દર્શનનો લાભ ભાવિકોએ લીધો હતો. સેક્ટર-૫ના શિવશક્તિ મંદિર ખાતે પણ મહાશિવરાત્રિ નિમિત્તે દર્શનાર્થીઓ ઉમટી પડ્યાં હતા અને બમ બમ ભોલેના નાદથી મંદિર પરિસર ગજવ્યુ હતુ. વાવોલના સિદ્ધનાથ મહાદેવ ખાતે ભાવિકોએ લાંબી લાઈન લગાવી શિવપૂજા કરી હતી અને શિવલિંગ પર પાણી, દૂધ અને બિલીપત્રનો અભિષેક કર્યો હતો તથા શ્રદ્ધાળુ મહિલાઓએ ઓમ નમઃ શિવાયના જાપ કર્યા હતા.

મહાશિવરાત્રિના પર્વે શહેરના અન્ય શિવલાયોમાં પણ શિવભક્તો દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત લઘુરૂદ્ર, મહાપૂજા, મહાઆરતી વગેરે કરવામાં આવ્યાં હતા અને ભાંગની પ્રસાદીની મોજ માણી હતી. મહાશિવરાત્રી અને સોમવારના સંયોગના કારણે શિવભક્તોમાં વધુ ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના શિવાલયોને રંગબેરંગી રોશની અને ફુલોની રંગોળીથી સજાવવામાં આવ્યા હતા. અનેક ઠેકાણે ચાર પ્રહરની પૂજા પણ યોજવામાં આવી હતી. શહેરથી નજીકના વાસણિયા મહાદેવ અને કોટેશ્વર મહાદેવ ખાતે પણ મોટી જનમેદનીએ ભગવાન ભોળાનાથના દર્શન કર્યા હતા.

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિન સપ્તાહની ઉજવણી

**મહિલા કાનૂની શિક્ષણ શિબિર, બેટી બચાવો બેટી પઢાઓ, સ્ત્રી રોગોની જાગૃતિ અંગે પરિસંવાદ કાર્યક્રમ**

ગાંધીનગર, તા. ૪
વિશ્વ મહિલા દિન આવનાર છે ત્યારે જ્યોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે અલગ અલગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે તે ઉપક્રમે તા. ૫ માર્ચના રોજ બપોરે ૩ વાગે કડી કેમ્પસ સ્થિત ખીમજી વિશ્રામ હોલ ખાતે ગુજરાત રાજ્ય સંગીતનાટક અકાદમીના સહયોગથી જ્યોતિ મહિલા મંડળ તથા અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંગના ઉપક્રમે ''કૃષ્ણ ભક્ત સુરદાસજી' નાટકનું આયોજન કરવામાં આવ્યું છે.

એક મહિલા ધારે તો શુ ન કરી શકે ? ભારતીય સંસ્કૃતિમાં વિવિધ વાર-તહેવારોની ઉજવણી તો થતી જ રહે છે પણ એક દિવસ મહિલાના નામે તેમ ૭ માર્ચ મહિલા દિન તરીકે ઉજવાય છે. આ નિમિત્તે ગાંધીનગરના જ્યોતિ મહિલા મંડળ દ્વારા ભક્ત કવિ સુરદાસજીના જીવન આધારિત નાટક 'કૃષ્ણ ભક્ત સુરદાસજી'નું આયોજન ૫ માર્ચના રોજ કરવામાં આવ્યું છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા મહિલા દિન સપ્તાહ નિમિત્તે અલગ અલગ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં નાટક ઉપરાંત પરંપરાગત લગ્નગીત સ્પર્ધા, મહિલા કાનૂની શિક્ષણ શિબિર, બેટી બચાવો બેટી પઢાઓ, સ્ત્રી રોગોની જાગૃતિ અંગે પરિસંવાદ અનુક્રમે કાર્યક્રમ યોજાનાર છે. નગરની તમામ બહેનોને વિશાળ સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લેવા સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ દ્વારા જણાવાયુ છે.

## પંચદેવ મેળામાંથી ૬ કિલો પ્લાસ્ટીક બેગ જપ્ત કરાઈ

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર મહાનગર પાલિકાની ટીમ શહેરમાં પ્લાસ્ટીક ઝુંબેશ અંતર્ગત પ્લાસ્ટીકની વિવિધ બનાવટો જપ્ત કરી રહી છે.ત્યારે શહેરના પંચદેવ મંદિર ખાતે પરંપરાગત શિવરાત્રીના યોજાયેલા મેળામાં પણ મનપાની પ્લાસ્ટીક ઝુંબેશની ટીમે સપાટો બોલાવ્યો હતો.જેને પગલે વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. મનપાની ટીમ મેળામાં દુકાન લઈને બેઠેલા વેપારીઓ પાસેથી અંદાજીત ૬ કીલો થી વધુ પ્લાસ્ટીક બેગ જપ્ત કરી છે.



ગાંધીનગર શહેરની મનપાની ટીમ પ્લાસ્ટીક ઝુંબેશને લઈ સતત કાર્યરત છે. શહેરના વિવિધ સેકટરોમાં આવેલી દુકાનો તેમજ ચા સહિતના સ્ટોલ પરથી તંત્રની ટીમ સમયાંતરે પ્લાસ્ટીકની બેગ જપ્ત કરે છે. ૪૦ માઈક્રોનથી ઓછી ગુણવત્તાવાળી બેગનો ઉપયોગ પર્યાવરણ માટે ઝોખમી છે. તો બીજીતરફ વપરાશ પછી પ્લાસ્ટીકની બેગ કચરામાં ફેંકતા ઢોર પણ આરોગી જતા તેમના સ્વાસ્થયને લઈ પ્રશ્નાર્થ ઉભો થાય છે. ત્યારે શિવરાત્રીના પંચદેવ ખાતે મેળામાં મનપાની ટીમ પ્લાસ્ટીક ઝુંબેશને લઈ સચેત બની ગઈ હતી. મેળામાં આવેલી દુકાનોમાંથી મનપાની ટીમે અંદાજીત ૬ કિલોથી વધુ પ્લાસ્ટીકની બેગ, ચાના કપ, પાણીના ગ્લાસ, સહિતનો જથ્થો ઝડપી પાડયો હતો. ટીમે મેળામાં સપાટો બોલાવતા વેપારીઓમાં મુસીબતમાં મુકાઈ ગયા હતા. જયારે કેટલાક વેપારીઓએ પ્લાસ્ટીકની બેગો તંત્રની નજર થી છુપાવી દીધી હોવાનું લાગી રહ્યું હતું.

## પૂજ્ય રવિશંકર મહારાજની ૧૩૬મી જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૪
ગુજરાતના પનોતા પુત્ર પૂ. રવિશંકર મહારાજની ૧૩૬મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર ઘ-૫ સ્થિત પ્રતિમા પાસે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા નગરની આગેવાન સંસ્થાઓ અને નાગરિકો દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરી વસાહત મંડળ દ્વારા પૂ. રવિશંકર મહારાજની જન્મજયંતી નિમિત્તે પ્રાર્થના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જીલુભા ધાંધલ, અનીલભાઈ પટેલ, અરૂણ બુચ, જયેન્દ્ર પરિખ દ્વારા સંદેશાના બેનર લગાવવામાં આવ્યા હતા. તથા કાર્યક્રમમાં સી.સી.કા., જાગૃત નાગરિક પરિષદ, સહયોગ મંડળ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ સહિત ભરતભાઈ કવી, જશવંતભાઈ ગાંધી, પ્રદીપભાઈ સોલંકી, કિશોરભાઈ જીકાદરા, જનકભાઈ મહેતા, ડૉ. પટેલ, બી.એ. શેકલ, દિનેશભાઈ ચાવડા, દશરથભાઈ, ભરતભાઈ દીક્ષીત, જ્યોતિન્દ્રભાઈ દવે, મહેન્દ્રભાઈ શાહ, સુધીરભાઈ દેસાઈ તથા સ્ટેટબેંક ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ વ્યવસ્થાના ભાગરૂપે જોડાયા હતા. કાર્યક્રમ સંદર્ભે પ્રતિમા નીચે જન્મ, સ્વર્ગવાસની નોંધની તકતી તથા હાર પહેરાવવા સીડીની વ્યવસ્થા કરવાની માંગ ઉઠી હતી અને સરકાર સમક્ષ રજુઆત મુકવાનુ નાગરિકો સમક્ષ નક્કી થયુ હતુ. કાર્યક્રમના અંતે માર્ગ સલામતિનું સાહિત્ય વિતરણ કરવામાં આવ્યુ હતુ.



## વાવોલના સોસાયટી વિસ્તારના વડીલો માટે અનોખી આનંદ શિબિર યોજાઇ

**વાવોલ વિકાસ વિસ્તાર સમિતિ દ્વારા આયોજિત અને હેપ્પી યુથ ક્લબ દ્વારા સંચાલિત આનંદ શિબિરમાં ૧૫૦થી વધુ વડીલોને દિવસભર આનંદ કરાવાયો : વિવિધ વકતાઓ, હાસ્ય કલાકારો અને મનોરંજક રમતો સાથે શિબિરમાં વડીલોનું સન્માન પણ કરાયું**

ગાંધીનગર, તાઃ ૦૪
''તમે વૃદ્ધ નથી, પ્રબુધ્ધ છો.







જિંદગી ખૂબ આનંદથી ભરેલી છે અને તમે બસ મનમાંથી એ વિચાર કાઢીને ફેંકી દો કે મારાથી આ કરાય અને આ ના કરાય.'' આ પ્રકારના જોશીલા શબ્દો વડે પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદીએ વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ આયોજીત અને હેપ્પી યુથ કલબ સંચાલિત વાવોલના સોસાયટી વિસ્તારમાં વસતા વડીલો માટેની એક દિવસીય આનંદ શિબિરમાં મુખ્ય મહેમાનપદેથી વક્તવ્ય આપતા કહ્યા હતા. તેમણે વડીલોને કહ્યું હતું કે ''તમે ૨૫ વર્ષે હતા તેવા ૭૫ વર્ષે કેમ ના રહી શકો, બીમારીઓ શરીર છે તો આવે, એ તો યુવાનોને પણ આવે છે તમે બસ મકકી કરી લો કે જ્યાં સુધી હું મરું નહીં ત્યાં સુધી આનંદથી જીવું તો ખરો. તમારા વિચારને મજબૂત રાખવા વાંચન કરો.'' આનંદ શિબિરમાં ૧૫૦થી વધુ વડીલોએ ભાગ લીધો હતો અને દિવસભર વિવિધ વકતવ્યો, હાસ્ય કલાકારો અને આનંદપ્રદ રમતોને માણી હતી. શિબિરમાં ૭૫ વર્ષથી વધુ વયના વડીલોને સ્મૃતિચિહન, પુસ્તક અને ફૂલછડી અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. આનંદ શિબિરમાં વડીલો માટે વાંચન યોગ્ય પુસ્તકો પ્રસ્તુત કરી ''તરતુ પુસ્તક યોજના'' પણ શરૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે ખોડિયાર મંદિરના પીઠાધિશ્વર સોમભાઈ પ્રજાપતિ પણ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા.

હેપ્પી યુથ કલબ દ્વારા તારીખ ૩જી માર્ચ ૨૦૧૯ રવિવારે સવારે ૯ થી સાંજના ૪ સુધી વાવોલ-પુંદ્રાસણ રોડ પર શ્રી ખોડલ ધામ (ખોડિયાર મંદિર) ખાતે વાવોલની સોસાયટી વિસ્તારના વડીલોને આનંદ સાથે સન્માનીત કરવાનો અનોખા પ્રયાસરૂપે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ આયોજીત વાવોલના સોસાયટી વિસ્તારમાં વસતા વડીલો માટેની નિઃશુલ્ક એક દિવસીય આનંદ શિબિરનું સંચાલન કરવાની જવાબદારી ઉપાડવામાં આવી હતી. આ શિબિરનો હેતુ પાછલી ઉંમરે બીમારી, એકલતા, ઉપેક્ષા કે સ્થાનફેરના કારણે માનસિક તણાવનો ભોગ બનતા વડીલોને આનંદની ક્ષણો પૂરી પાડી તેમના માનસિક તણાવને ઘટાડવામાં મદદરૂપ થવાનો હતો અને તેમને જીવનને આનંદ સ્વરૂપે નિહાળવાનો નવો દ્રષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ કરવાનો હતો. શિબિરમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત જાણીતા સ્ટેજ અભિનેત્રી તથા કચ્છ રણોત્સવના હોસ્ટ દીપલ પરમારે કહ્યું હતું કે ''માત્ર કલાકો સુધી મંદિરમાં બેસવું તે આધ્યાત્મ નથી. તમારા મનમાં જે સારપ છે, જે પ્રેમ છે તે જ પરમાત્મા છે. તમે સજ્જન છો એટલે જ તો ક્યાય ''યુવાનાશ્રમ'' નથી બન્યા. જે કરવાથી આનંદ-સુખની અનુભૂતિ થાય તે બધુ તમારે કરવું જોઈએ.'' આ સાથે અતિથિ વિશેષ પદે ઉપસ્થિત સચિવાલય આયુર્વેદ દવાખાનાના તબીબ ડો. રાકેશભાઈ ભટ્ટે વડીલોને જણાવ્યુ હતું કે ''જે કુદરતના સાનિધ્યમાં રહે છે તે હમેશા સ્વશ્થ રહે છે, શરીરના વાયુ,પિત્ત અને કફ એમ ત્રણે દોષો અને ઈન્દ્રિયોને કાબૂમાં રાખી શકાય તેને સ્વાશ્થ્ય કહેવાય અને હાસ્ય એ સૌથી મોટી દવા છે તેથી હમેશા હસતાં રહો.''શિબિરના પ્રારંભે યોગસેવક વિરમભાઇ ચૌહાણ દ્વારા હળવા યોગ-પ્રાણાયામ કરવાયા હતા ત્યારબાદ દેશના તમામ વીર જવાનોને મૌન પાળીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આનંદ શિબિરના બીજા ભાગમાં હાસ્ય કલાકારો હરપાલસિંહ ઝાલા અને ધનસુખભાઈ રાદડીયાએ વડીલોને પેટ પકડીને હસાવ્યા હતા. આ પછી હેપ્પી યુથ ક્લબ દ્વારા વડીલોને મનોરંજન સાથે મનોમંથન પણ થાય તેવી રમતો રમાડી હતી. કાર્યકરમના અંતમાં ૭૫ વર્ષથી વધુ વયના વડીલોને સ્મૃતિચિહન, પુસ્તક અને ફૂલછડી અર્પણ કરીને સન્માનવામાં આવ્યા હતા. સમાપને કેટલાક વડીલોએ પોતાની કળા પ્રદર્શિત કરતાં ગીતો, ભજનો તથા ધાર્મિક વાતો સહિતની કૃતિઓ રજૂ કરી હતી. આનંદ શિબિર દરમ્યાન વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા વાવોલમાં સિનિયર સીટીઝન પાર્ક બનાવવા અને લાઈબ્રેરીની સુવિધા ઊભી કરવા સ્થાનિક તંત્ર સમક્ષ રજૂઆત કરવા નિર્ધાર કરવામાં આવ્યો હતો. આનંદ શિબિરમાં વડીલો માટે સવાર-સાંજ ચા-નાસ્તાની અને બપોરે ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવી હતી.

## મહિલા દિન નિમિત્તે નિઃશુલ્ક ચિકિત્સા અને ગર્ભસંસ્કાર શિબિર

ગાંધીનગર, તા. ૪
સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોલવડા ખાતે મહિલાઓ માટે ૮ માર્ચના રોજ સવારે ૯ વાગ્યે નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા ગર્ભ સંસ્કાર સિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે.

કેમ્પમાં સ્ત્રીઓને થતા તમામ રોગોની ચિકિત્સા અને માર્ગદર્શન રૂમ નં. ૧૪ ખાતે આપવામાં આવશે. આ ઉપરાંત ગર્ભસંસ્કારને લગતા તમામ પ્રશ્નો અને માર્ગદર્શન સાથે આયુર્વેદિક સારવાર રૂમ નં. ૩૧૭ ખાતે બપોરે ૨ વાગ્યાથી આપવામાં આવશે. આ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત રાખવામાં આવ્યુ હોવાથી અગાઉથી ૯૪૦૮૫૨૭૩૬૬ ઉપર નોંધણી કરાવવા વ્યવસ્થાપક દ્વારા જણાવાયુ છે.

## ચિરવિદાય

● સ્વ. લક્ષ્મણભાઈ શીવાભાઈ પ્રજાપતિ - ૮૫